# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

સંલગ્ન

(દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી)

સંચાલિત

# <u>નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ</u>

## રાષ્ટ્રીય સેવા યોજના

NOT ME BUT YOU

## <u>વાર્ષિક શિબિર અહેવાલ</u>
## <u>૨૦૨૪ – ૨૫</u>

@nssdahod

NAVJIVAN SCIENCE COLLEGE DAHOD

➤ પહેલો દિવસ (તા.૧૬/૦૨/૨૦૨૫) :-

ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪ -૨૫ ની સ્વચ્છાતા–જનજાગૃતિ ગ્રામ શિબિર તા.૧૬/૦૨/૨૦૨૫ .થી ૨૨/૦૨/૨૦૨૫ સુધી આયોજિત કરવામાં આવી હતી. આ શિબિર "શ્રીમતી એમ. બી. જૈન અંધજન વિધાલય છાપરી, દાહોદ" મુકામે યોજવામાં આવેલ હતો. સવ્યંસેવકોને ત્યાં રાત્રિ રોકાણાર્થે ટ્રસ્ટીશ્રીની પૂર્વાનુમતી લીધેલ હતી. સમગ્ર શિબિર દરમ્યાન પ્રત્યેક દિવસના કાર્યક્રમ અને પ્રવૃતિઓ પૂર્વનિર્ધારીત હતા અને તે મુજબ શત-પ્રતિશત ન્યાય આપવાનો સફળ પ્રયાસ કર્યો હતો. જેની વિગત આ મુજબ છે.

તા. ૧૬/૦૨/૨૦૨૫ ના રોજ બધા સ્વયંસેવકો સાથે "શ્રીમતી એમ. બી. જૈન અંધજન વિધાલય છાપરી" મુકામે જરૂરી સાધન- સામગ્રી સાથે પહોંચ્યા હતા અને ત્યાંની સાફસફાઇમાં સ્વયંસેવકો પ્રવૃત થયા. વિવિધ ટુકડીઓ દ્વારા ઉકરડી ગામના રહીશોને તેમજ શાળાના સર્વે સ્ટાફ સભ્યોને આમંત્રણ પત્રિકાઓ પહોંચાડવામાં આવી. ત્યારબાદ સ્વયંસેવકોને સમગ્ર કાર્યક્રમ વિષેની માહિતી પૂરી પાડવામાં આવી અને ભોજનાલય અને ભોજન વિષેની પૂર્વ તૈયારી કરી.

➤ બીજો દિવસ (તા. ૧૭/૦૨/૨૦૨૫) :-

આજ રોજ સવારે ૬ કલાકે દિવસની શરૂઆત પ્રભાત ફેરી દ્વારા કરવામાં આવી. જેમાં સ્વયંસેવકો દ્વારા મધુર સ્વરે વિવિધ ભજન અને પ્રભાતિયાનું ગાન કરવામાં આવ્યું. તેનો ઉદ્દેશ સ્થાનિક લોકોમાં જાગરૂતા લાવવાનો હતો. ત્યારબાદ ઉદ્‌ઘાટન સમારોહની તૈયારી શરૂ કરી.

ઉદ્‌ઘાટન સમારોહ ની શરૂઆત પ્રાથના અને રાષ્ટ્રીય સેવા યોજના ના લક્ષ્ય ગીત થી કરવામાં આવી હતી. આ સમારોહના અધ્યક્ષ અને ઉદ્‌ઘાટકશ્રી તરીકે પ્રો. ગૌતમભાઇ સંગાડા, સ્વામી વિવેકનંદ ચેર સમિતિ સભ્ય , તેમજ પૂર્વ E.C મેમ્બર , શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરા, અતિથિ વિશેષ તરીકે શ્રીમતી એમ. બી. જૈન અંધજન વિધાલય છાપરીના આચાર્ય શ્રી શેખ હુંસ્નુદીન અબ્દુલરેહમાન અને છાપરી ગામના સરપંચ શ્રી કાળુભાઇ તેમજ પ્રેરક ઉપસ્થિતી તરીકે નવજીવન સાયન્સ કોલેજ ના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. જી. જે.ખરાદી સાહેબએ સ્થાન શોભાવ્યું હતું. સમારોહ પૂર્ણ થયા બાદ ઉપસ્થિત મહાનુભાવો, સ્વયંસેવકો તેમજ સ્ટાફ સભ્યોએ પ્રિતીભોજનનો આનંદ માણ્યો હતો. અલ્પકાલીન વિશ્રામ બાદ ગ્રામ્ય વિસ્તારના વિવિધ ક્ષેત્રોની ભૌગોલીક પરિસ્થિતીઓથી માહિતગાર થયા અને ગ્રામ્યજનો સાથે સંબંધ પ્રસ્થાપિત કર્યા હતા.

➤ ત્રીજો દિવસ (તા.૧૮/૦૨/૨૦૨૫):-

આજરોજ નિર્ધારિત કાર્યક્રમ મુજબ પ્રભાત ફેરી નીકળી જેમાં ગ્રામજનો પણ રસ પૂર્વક જોડાયા હતા. ત્યારબાદ અલ્પાહાર કરી સ્વ્યંસેવકોની ટુકડી પાડવામાં આવી હતી અને વિવિધ પ્રવૃતિમાં ઓતપ્રોત થયા. સ્વચ્છ ભારત અભિયાન હેઠળ છાપરી ગામના અલગ અલગ વિસ્તારોમાં સાફ સફાઈ કરવામાં

NAVJIVAN SCIENCE COLLEGE DAHOD

આવી. તેમજ ગ્રામજનોને વ્યસન મુક્તિ, સ્વાસ્થય જાણકારી વગેરે પ્રવૃતિઓ કરવામાં આવી. બીજા દિવસે ગામના લોકો માટે રાખવામાં આવેલ ફ્રી મેડિકલ ચેકઅપ વિશે માહિતી આપી હતી. બોપોર બાદ શાળામાં નાના બાળકો સાથે રમત ગમત કરી અને શાળાના આખા કેમ્પસની સાફ સફાઇ કરી હતી અને નાના બાળકોને પોતાના શરીરની સ્વચ્છતા, પરિસરની સ્વચ્છતા અને પોલીથીનનો ઉપયોગ ન કરવો અને એનાથી પ્રકૃતિ પર થતી અસર વિષેની માહિતી પ્રોગ્રામ ઓફિસર અને સ્વયંસેવકો દ્વારા આપવામાં આવી. જેમાં ગ્રામજનોનો પ્રતિભાવ ખુબજ હકારાત્મક રહ્યો. રાત્રે આશ્રમ શાળાના વિદ્યાર્થીઓ સાથે ગીત સંગીત નો કાર્યક્રમ કરવામાં આવ્યો.

➤ ચોથો દિવસ (તા. ૧૯/૦૨/૨૦૨૫) :-

આજરોજ નિર્ધારિત કાર્યક્રમ મુજબ પ્રભાત ફેરી યોજવામાં આવ્યું હતું. ત્યારબાદ સવારે ૧૦ વાગે થી છાપરી ગામની આંગણવાડીમાં ગ્રામજનો માટે ફ્રી મેડિકલ ચેકઅપ યોજવામાં આવેલ હતો. જેમાં ગ્રામજનો તેમજ શાળાના સ્ટાફ સભ્યો એ સામાન્ય રોગો જેવા કે ડાયાબિટીસ , બ્લડ પ્રેશર, તાવ , શરદી ઉધરસ , માથાનો દુખાવો, ઝાડા-ઊલટી , ડેન્ટલ ચેકઅપ તેમજ નાના બાળકોના વજન તેમજ અન્ય સ્વાસ્થ્યની પ્રાથમિક સારવાર લોકો એ મેળવી હતી. જેમાં આશરે ૪૫ જેટલા લોકો એ આ સેવાનો ભાગ લીધો હતો. ત્યારબાદ બપોરે સ્વયંસેવકો એ અલ્પાહાર લીધો હતો. બપોરે 2 વાગે અર્બન હોસ્પિટલ દાહોદ દ્વારા HIV AIDS & TB Sensitization કાર્યક્રમ તેમજ માનસિક રોગો વિશે લોકોમાં જાગૃતિ આવે તે હેતુથી સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં ગામના લોકો તેમજ સ્વયંસેવકો અને કોલેજ તેમજ શાળાના શિક્ષકો એ લાભ લીધો હતો .

➤ પાંચમો દિવસ (તા. ૨૦/૦૨/૨૦૨૫) :-

આજ રોજ સવારે ૬ કલાકે દિવસની શરૂઆત પ્રભાત ફેરી દ્વારા કરવામાં આવી. જેમાં સ્વયંસેવકો દ્વારા મધુર સ્વરે વિવિધ ભજન અને પ્રભાતિયાનું ગાન કરવામાં આવ્યું. તેનો ઉદ્દેશ સ્થાનિક લોકોમાં જાગરૂતા લાવવાનો હતો. શિબિરના વિશેષ કાર્યક્રમ રૂપે એનએસએસની સ્વયંસેવિકા બહેનો, ગામની બહેનો તેમજ શાળાની વિધ્યાર્થીનીઓમાં બ્રેસ્ટ કેન્સર તેમજ સર્વાઇકલ કેન્સર વિશે જાગૃતિ આવે તે હેતુથી સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય વક્તા તરીકે ઝાયડસ હોસ્પિટલના ગાયનેક ડૉ. ઝૈનાબ એ લોકો ને માહિતી આપી હતી. સેમિનારની શરૂઆત સ્વાગત દ્વારા કરી હતી. જેમાં મેડમનું સ્વાગત સ્વયંસેવિકા બહેનો એ કરી હતી. કાર્યક્રમની આભાર વિધિ એનએસએસ સ્વયંસેવિકા સૃષ્ટિ પ્રજાપતિ એ કરી હતી.

NAVJIVAN SCIENCE COLLEGE DAHOD

➤ છઠો દિવસ (તા. ૨૧/૦૨/૨૦૨૫) :-

આજરોજ નિર્ધારિત કાર્યક્રમ મુજબ પ્રભાત ફેરી યોજવામાં આવ્યું હતું. કેમ્પસ પ્લાસ્ટિક ફ્રી બને તે હેતુથી, પ્લાસ્ટિક ફ્રી કેમ્પસ ડ્રાઇવ યોજવામાં આવી હતી. જેમાં સ્વયંસેવકો એ આખા કેમ્પસમાંથી ઝીણો ઝીણો પ્લાસ્ટિકનો કચરો વીણી કેમ્પસમાંથી કચરો દૂર કરી પર્યાવરણ સંવર્ધનનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. ત્યારબાદ બપોર પછી એનએસએસના સ્વયંસેવકો દ્વારા આંતરિક ચર્ચા (ગ્રુપ ડિસ્કશન) યોજવામાં આવ્યું હતું. જેથી તેમની પ્રતિભા બહાર આવે. પરિણામે અમુક સ્વયંસેવકો એ સામાજિક નાટક તેમજ સ્વાગત ગીતમાં તેમની પ્રતિભા દેખડવા પ્રયત્ન કર્યો હતો. ગ્રામજનોમાં વ્યસન મુક્તિ તેમજ તેનાથી થતાં નુકસાન વિશે જાગૃતિ આવે તે હેતુથી શેરી નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેની સ્વયંસેવકો એ બપોર પછી પ્રૅક્ટિસ કરી હતી.

➤ સાતમો દિવસ (તા. ૨૨/૦૨/૨૦૨૫) :-

સમગ્ર શિબિરના અંતિમ ચરણના સમાપન સમારોહની શરૂઆત પ્રાથના અને રાષ્ટ્રીય સેવા યોજના ના લક્ષ્ય ગીત થી કરવામાં આવી હતી. આજ ના સમાપન સમારોહના અધ્યક્ષ તરીકે NABના મંત્રીશ્રી કાપડિયા સર, સમારોહના અતિથિ વિશેષ તરીકે શ્રીમતી એમ. બી. જૈન અંધજન વિદ્યાલય છાપરીના આચાર્ય શ્રી શેખ હુંસ્નુદીન અબ્દુલરેહમાન અને નવજીવન સાયન્સ કોલેજ ના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. જી. જે.ખરાદી સાહેબ ઉપસ્થિત રહી સમારોહની શોભા વધારી હતી. સમારોહના અધ્યક્ષ દ્વારા સ્વયંસેવકોને એનએસએસના મહત્વ વિશે જણાવામાં આવ્યું હતું. સમારોહમાં કોલેજ ના તમામ સ્ટાફ પણ ઉપસ્થિત રહ્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત સ્વાગત ગીત દ્વારા કરવામાં આવી હતી જેમાં એનએસએસની સ્વયંસેવિકા દ્વારા સ્વાગત નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વ્યસન મુક્તિનો સામાજિક સંદેશ જાય એ હેતુથી શેરી નાટક યોજવામાં આવ્યું હતું. નાટક એવી રીતે રજૂ કરવામાં આવ્યું હતું કે જેથી એનો આનંદ શાળાના અંધ વિધ્યાર્થીઓ સારી રીતે માણી શકે.

આ પ્રસંગે ત્રણ વર્ષથી સતત સેવાકીય કાર્યો સાથે જોડાયેલા તમામ સ્વયંસેવકો ને "સ્મૃતિ ભેટ" પ્રોત્સાહન રૂપે મહેમાનશ્રીઓ ના હસ્તે એનાયત કરવામાં આવી હતી. સાતદિવસિય શિબિર દરમિયાન વિધ્યાર્થીઓ વિવિધ સાંસ્કૃતિક તેમજ સામાજિક પ્રવૃત્તિઓ થકી વિધ્યાર્થીઓ પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરી શકે તેમજ શિબિર દરમિયાન કેળવેલ સારા ગુણો દ્વારા સમાજ સેવાના કામમાં પોતાનું યોગદાન આપી શકે.

સ્વયંસેવકો દ્વારા શિબિર દરમ્યાન એમને થયેલા અનુભવો અને અમને નવું જે પણ શીખવા મળ્યું એ પ્રતિભાવો મહેમાનશ્રીઓ અને બધા સમસ્ત રજુ કરવામાં આવ્યા.. મહેમાનશ્રીઓ દ્વારા તમામ



NAVJIVAN SCIENCE COLLEGE

સ્વ્યંસેવકોની સમગ્ર શિબિર દરમ્યાન કરેલ કામગીરી બદલ ખૂબ ખૂબ અભિનંદન આપવામાં આવ્યા હતા અને ભવિષ્યમાં આ પ્રકારના લાભો ગામને અને સમાજને મળે એવી સુભકામનાઓ પાઠવી હતી.આ કાર્યક્રમ સફળતા પૂર્વક પૂર્ણ થયો હતો અને અંતમાં તમામ દ્વારા રાષ્ટ્રગાન કરી "ભારત માતા કી જય" અને "વંદે માતરમ" ના નારા સાથે બધાએ વિદાય લીધી હતી.

➢ ઉદઘાટન સમારોહ :-






NAVJIVAN SCIENCE COLLEGE DAHOD

➤ સ્વચ્છતા જાગૃતિ રેલી :-








NAVJIVAN SCIENCE COLLEGE
DAHOD


- ગ્રામજનો સાથે મુલાકાત :-














NAVJIVAN SCIENCE COLLEGE
DAHOD


➤ કેમ્પસ ક્લિનલીનેસ ડ્રાઇવ :-

















➤ ફ્રી હેલ્થ મેડીકલ ચેકઅપ કેમ્પ :-










➤ ટીબી સેનસીટાઇઝેશન અને મનોરોગ જાગૃતિ સેમિનાર :-







NAVJIVAN SCIENCE COLLEGE
DAHOD

➤ બ્રેસ્ટ કેન્સર અવેરનેસ સેમિનાર :-








➤ કેમ્પ સમાપન :-










NAVJIVAN SCIENCE COLLEGE DAHOD







NAVJIVAN SCIENCE COLLEGE
DAHOD

➤ મીડિયા કવરેજ" :-

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ એન.એસ.એસ.એકમ-૧ અને ૨ ની સપ્ત દિવસીય 'સ્વચ્છતા-જનજાગૃતિ ગ્રામ શિબિર' નો ઉદ્‌ઘાટન સમારોહ એમ.બી જૈન અંધજન વિદ્યાલય છાપરી ખાતે યોજાયો

દાહોદ,

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ,દાહોદ ના એન.એસ.એસ. એકમ ૧ અને ૨ ની સપ્ત દિવસીય સ્વચ્છતા - જનજાગૃતિ ગ્રામ શિબિર' નું આયોજન શ્રીમતી એમ.બી જૈન અંધજન વિદ્યાલય છાપરી ખાતે કરવામાં આવ્યું છે.




આ કાર્યક્રમનો ઉદ્‌ઘાટન સમારોહમાં સમારોહના અધ્યક્ષ અને ઉદ્‌ઘાટકશ્રી તરીકે પ્રો. ગૌતમ સંગાડા (સ્વામી વિવેકાનંદ ચેર સભ્ય તેમજ પૂર્વ E.C મેમ્બર, એસ. જી. જી. યુ, ગોધરા ) પ્રેરક ઉપસ્થિત એવા એમ.બી જૈન અંધજન વિદ્યાલય છાપરીના આચાર્ય શેખ હુસ્નુદીન અબદુલરેહમાન, નવજીવન સાયન્સ કોલેજ ના કાર્યકારી આચાર્ય ડો.જી.જે.ખરાદી, કોલેજના સ્ટાફ સભ્યો, આશ્રમ શાળાના સ્ટાફ સભ્યો, આશ્રમ શાળાના બાળકો અને એન.એસ.એસ. ના સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષ દ્વારા સ્વયંસેવકો ને રાષ્ટ્ર માટેના ઉમદા કાર્યો, સમાજ સેવા અને યુવા વિદ્યાર્થીઓનું રાષ્ટ્ર માટે યોગદાનની માહિતી આપી સ્વયંસેવકોને પ્રોત્સાહન પુરું પાડવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો.શ્રેયસ પટેલ અને પ્રોગ્રામ ઓફિસર નીલ પટેલ ના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું.

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 23-02-2025

## અંધજન વિદ્યાલય છાપરમાં સ્વચ્છતા જનજાગૃતિ અંગે શિબિર




દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ,દાહોદના એનએસએસ એકમ 1-2ની સપ્ત દિવસીય સ્વચ્છતા - જનજાગૃતિ ગ્રામ શિબિરનું આયોજન શ્રીમતી એમ. બી. જૈન અંધજન વિદ્યાલય છાપરી ખાતે કરવામાં આવ્યું હતું. સમારોહના અધ્યક્ષ અને ઉદ્ઘાટક તરીકે યુસૂફી કાપડિયા જેઓ નેશનલ એસોસિએશન ફોર બ્લાઈન્ડના મંત્રી છે. પ્રેરક ઉપસ્થિત એવા આચાર્ય હુસનુદ્દીન શેખ, નવજીવન સાયન્સ કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ.જી.જે.ખરાદી, કોલેજના સ્ટાફ સભ્યો, શાળાના સ્ટાફ સભ્યો, શાળાના બાળકો અને એન.એસ.એસ.ના સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષ દ્વારા સ્વયંસેવકોને રાષ્ટ્ર માટેના ઉમદા કાર્યો, સમાજ સેવા અને યુવા વિદ્યાર્થીઓનું રાષ્ટ્ર માટે યોગદાનની માહિતી આપી સ્વયંસેવકોને પ્રોત્સાહન પુરું પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સ્વયંસેવકો દ્વારા વ્યસનમુક્તિ નાટક અને સાંસ્કૃતિક નાટ્ય રજૂ કરવામાં આવ્યું હતું. છેલ્લા વર્ષના સ્વયંસેવકોને બે વર્ષ દરમિયાન કરવામાં આવેલી ઉત્તમ કામગરી માટે મોમેન્ટો આપી પ્રોત્સાહિત કર્યા હતાં.

| ડૉ. શ્રેયસ.એ.પટેલ | ડૉ. જી. જે. ખરાદી | શ્રી નીલ આર.પટેલ |
|---|---|---|
| પ્રોગ્રામ ઓફિસર | કાર્યકારી આચાર્ય | પ્રોગ્રામ ઓફિસર |
| નવજીવન સાયન્સ કોલેજ | નવજીવન સાયન્સ કોલેજ | નવજીવન સાયન્સ કોલેજ |